પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક
વેબસાઇટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358 ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

તારીખ: 23 ઓગસ્ટ 2018

**સાહેબરાવ દેશમુખ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ-દંડ લગાવવામાં આવ્યો**

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (એ એ સી એસ) ની, કલમ 46 (4) સાથે વંચાણમાં લેતાં, કલમ 47 A (1) (c) ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલી સત્તા નો ઉપયોગ કરી સાહેબરાવ દેશમુખ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ પર આરબીઆઈ દ્વારા જારી કરાયેલ બેન્કના ડાયરેક્ટરો, તેમના સંબંધીઓ અને તેઓનું જેમાં હિત છે તેવી પેઢીઓ/ સંસ્થાઓ ને લોન/ ધિરાણ આપવા સંબંધિત સૂચનાઓ / નિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ ₹ 5.00 લાખ (રૂપિયા પાંચ લાખ) નો નાણાંકીય દંડ લગાવેલ છે.

ભારતીય રિઝર્વ બેંકે ઉક્ત બેન્કને કારણદર્શી નોટીસ આપેલી હતી, જેના જવાબમાં બેંકે લેખિત પ્રત્યુત્તર અને તેના પર વધુ રજુઆતો કરી હતી. કેસ ના તથ્યો અને બેંકના આ બાબત પરના પ્રત્યુત્તર પર વિચારણા કરી, ભારતીય રિઝર્વ બેંક એવા તારણ પર આવી કે ઉપરોક્ત ઉલ્લંઘનો પ્રમાણભૂત હતા અને દંડ લગાવવો જરૂરી હતો.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2018-2019/449**